## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ડેડી... મારા મોબાઈલમાં પ્રોફાઈલમાં ત્રિરંગો નાખી આપો... ટીચરે કહ્યું છે કે... દેશને ફાયદો થાય એવું કામ કરવું...!!

# વાવોલ-કોલવડા માર્ગ બિસ્માર : વાહનચાલકો પરેશાન

## રોડ પર પડેલા લીસોટા ટુ વ્હીલર્સ ચાલકો માટે જોખમરૂપ : આ માર્ગે વધેલા ટ્રાફિક ભારણને કારણે માર્ગના નવીનીકરણ સાથે રોડ પહોળો કરાય તેવી નાગરિકોમાં માંગ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ગુડા વિસ્તારના વાવોલથી કોલવડા તરફનો માર્ગ બિસ્માર હાલતમાં છે જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ આમ પણ અત્યંત સાંકડો છે અને તેના પર અનેક સ્થળે ડામર ઉખડી જવાથી બદતર હાલત થવા પામી છે. ખાસ કરીને ટુ વ્હીલર્સ ચાલકોને આ માર્ગે અકસ્માતનું જોખમ જણાઈ રહ્યું છે.

વાવોલથી કોલવડા થઈને સોનીપુર, રૂપાલ, નારદીપુર વગેરે સ્થળે જવા માટે આ રોડનો ઉપયોગ મહત્તમ કરવામાં આવે છે. આ રોડ પર છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકમાં ઘણો વધારો થવા પામ્યો છે. વાવોલમાં નવી સોસાયટીઓ, ફલેટની સ્કીમો વગેરેનો વિકાસ થવાથી આ માર્ગે વાહનોની અવરજવર ખૂબ વધવા પામી છે. આમ છતાં આ માર્ગ અત્યંત સાંકડો અને બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો માટે મુશ્કેલભરી પરિસ્થિતિ સર્જાય છે. રોડ પર અનેક ઠેકાણે લાંબા લાંબા લીસોટા પડયા હોય તેવી રીતે ડામર ઉખડી જવાથી ખાસ કરીને ટુ વ્હીલર્સના ચાલકોને તેમનું વાહન બેલેન્સ કરીને ચલાવવામાં ખૂબ અડચણ પેદા થઈ રહી છે. જો જરાક પણ સ્પીડમાં પસાર થવા પ્રયત્ન કરાય તો વાહન ખેંચાઈને રોડ સાઈડમાં ધસી જાય જેથી અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ સર્જાવા પામી છે. આ બાબતે અજાણ વાહનચાલકો ઘણીવાર નાના નાના અકસ્માતનો ભોગ બની રહ્યાં છે. પરંતુ જો સત્વરે આ માર્ગનું મરામત કાર્ય કે નવીનીકરણ હાથ નહીં ધરાય તો કોઈ મોટો અકસ્માત સર્જાવાની પુરેપુરી શકયતા છે. વળી, આ માર્ગને નવીનીકરણ સાથે તેની પહોળાઈ



પણ વધારાય તેવી વાવોલ તથા કોલવડાના નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે. આ માર્ગ પર વધી રહેલા ટ્રાફિક ભારણને ધ્યાનમાં રાખીને સત્વરે માર્ગને પહોળો કરવાની કામગીરી તંત્રએ હાથ ધરવી જોઈએ તેવું આ વિસ્તારમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## વાહનચેકીંગને બદલે બાંકડે બેસી ગયેલા બે પોલીસ જવાન સસ્પેન્ડ

### જિલ્લા પોલીસ વડાએ રાત્રે ચ-૦ સર્કલ પાસે ખાનગી ગાડીમાં આકસ્મિક ચેકીંગ કર્યું હતું

ગાંધીનગર, તા. ૨૩

સ્પીકર્સ કોન્ફરન્સને પગલે ગાંધીનગર શહેરમાં પ્રવેશતા તમામ વાહનોનું ખાસ ચેકીંગ કરવા સુચના આપી હોવા છતાં ગઈ કાલે વાહનચેકીંગ કરવાના બદલે ચ-૦ સર્કલ પાસે બાંકડા પર બેસીને ગપાટા મારતા બે પોલીસ જવાનો એસપીની નજરે ચઢી ગયા હતા. ખાનગી વાહન લઈને આકસ્મીક ચેકીંગમાં નિકળેલા એસપીની નજરે ચઢી જનાર બંને લોક રક્ષકોને ફરજ પર બેદરકારી બદલ એસપીએ સસ્પેન્ડ કર્યા છે.

એક તરફ ગાંધીનગરમાં સ્પીકર્સ કોન્ફરન્સને પગલે વીવીઆઈપી મહાનુભાવોની અવરજવર છે ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં અને વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા વ્યવસ્થાને પગલે ગાંધીનગરમાં પ્રવેશતા તમામ વાહનોનું ચેકીંગ કરવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે સઘન સુચના આપી પોલીસ પોઈન્ટ ગોઠવ્યા છે. પ્રવેશદ્વારો પર વ્યવસ્થિત વાહનચેકીંગ થઈ રહ્યું છે કે કેમ તેની આકસ્મિક ચકાસણી કરવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવ ગઈ રાત્રે ખાનગી ગાડી લઈને નીકળ્યા હતા.

જેમાં ચ-૦ સર્કલ પર વાહન ચેકીંગને બદલે બાંકડે બેસીને બે લોકરક્ષકો વાતો કરી રહ્યા હોવાનું ધ્યાને આવતા એસપીએ બંને લોકરક્ષકો રખિયાલના વિજયકુમાર કુબેરભાઈ અને સે-૭ના દિગ્વિજયસિંહ હઠીસિંહને ફરજ પર બેદરકારી બદલ સસ્પેન્ડ કરી મુકયા છે તો બીજી તરફ એસપીના આકસ્મીક ચેકીંગને પગલે જિલ્લા ભરમાં પોલીસ ડયુટી માટે એલર્ટ થઈ ગઈ છે.



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર શહેર સેકટર-૩૦ સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિંન્દી વિદ્યાલય ખાતે સ્ટુડન્ટ પોલીસ કેડેટ વિદ્યાર્થીઓને ભારત સરકારના 'લોડ ઈન્ડીયા-૨૦-૨૦' મિશનના કન્વિનર સાથે શુભેચ્છા સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે 'લોડ ઈન્ડીયા-૨૦૨૦'ના કન્વિનર મનિષ મુંજાલ, સહ કન્વિનર સુબ્રતો બેનર્જી, શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા, જિલ્લા પોલીસ કચેરીના પી.આઈ. પ્રવિણકુમાર વાલેરા, સે. ૨૧ પી.આઈ. રાઠવા તથા શાળાના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા તથા શોભનાબા વાઘેલા હાજર રહ્યા હતા. આ પ્રસંગે મિશન અંતર્ગત એક યુવાન દેશના ભવિષ્ય માટે પોતાનું શું યોગદાન આપી શકે તેની સવિસ્તર ચર્ચા કરી હતી.

## જીએસપીસીના તત્કાલીન મેનેજર સામે છેતરપીંડીની ફરિયાદ

### ખોટા બીલો અને વાઉચરો રજુ કરીને પાંચ લાખથી વધુનો ચુનો લગાવ્યો : બે સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સ્થિત ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લી. (જીએસપીસી)ના બે તત્કાલીન મેનેજર સામે છેતરપીંડી કરી હોવાની ફરિયાદ સે-૭ પોલીસ મથકે નોંધાવા પામી છે. ખોટા વાઉચરો અને બિલો રજુ કરીને દિલ્હીના બંને તત્તકાલીન મેનેજરોએ પાંચ લાખથી વધુનો ચુનો લગાવ્યો હોવાની ફરિયાદને આધારે પોલીસે બંને સામે ગુનો દાખલ કરીને છેતરપીંડીની ઝીણવટભરી તપાસ પી.આઈ. મીની જોસેફે આરંભી છે.

જીએસપીસીના મેનેજર સુરેન્દ્ર શ્રીચંદ સ્નેહીએ સેકટર-૭ પોલીસ મથકમાં બે તત્કાલીન મેનેજર એ.કે. વિજયકુમાર અને કુમારી ભાવનાકુમાર (રહે. દિલ્હી) સામે વિશ્વાસઘાત અને છેતરપીંડી સંદર્ભે ફરિયાદ નોંધાવી છે. વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાનમાં ઉપરોકત બંને આરોપીઓએ ખોટા બીલો અને વાઉચરો રજુ કરીને રૂ. ૫ લાખથી વધુ રકમનો ચુનો લગાવી દીધો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. સુરેન્દ્ર શ્રીચંદ સ્નેહીની ફરિયાદને આધારે સેકટર-૭ પી.આઈ. મીની જોસેફે બંને તત્કાલીન મેનેજર સામે ગુનો દાખલ કરીને તપાસનો દોર શરૂ કર્યો છે. પોલીસ તપાસમાં વધુ છેતરપીંડી ખુલે તેવી શકયતાઓ વર્તાઈ રહી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં ઠંડીને કારણે આજે લોકોએ રજા હોવા છતાં ઘરમાં રહેવાનું વધુ પસંદ કર્યું હતું.
- વિધાનસભા ખાતે ચાલતી સ્પીકર્સ કોન્ફરન્સ આજે સાંજે સાદા છતાં દબદબાભર્યા સમારોહ સાથે સંપન્ન થઈ હતી.
- ગુજરાતમાં પહેલી એપ્રિલ-૨૦૧૬થી ફુડ સિકયોરીટી એક્ટનો અમલ શરૂ થશે.
- જયહિંદ દૈનિકના પત્રકાર પંકજ ગોહિલના પિતાનું આજે વહેલી સવારે દુઃખદ અવસાન થયું છે.
- ગાંધીનગરશહેરમાં સ્ટ્રીટલાઈટ બંધ રહેતી હોવાની ફરિયાદો છેવાડાના સેકટરોમાં વધી રહી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુનિ. કમિશ્નર શ્રી ચૌધરીને ૨૬મી જાન્યુઆરીના રાજ્યકક્ષાના કાર્યક્રમ માટે વિશેષ જવાબદારી વેરાવળ ખાતે સોંપવામાં આવી છે. તેઓ કાલે વેરાવળ જવા રવાના થશે.

## આનંદીબેન પ્રધાનો સાથે દિલ્હી પહોંચ્યા

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ રાજ્ય ભાજપના પ્રમુખના મુદ્દે વાતચીત કરવા દિલ્હી પહોંચી રહ્યા છે.તેમની સાથે વરિષ્ઠ પ્રધાનો પણ પહોંચી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પક્ષ પ્રમુખના મામલામાં અંતિમ નિર્ણય કરાય તેવી શકયતા છે. રાજ્ય ભાજપના પ્રમુખને લઈને ભારે સસ્પેન્સ છે. આનંદીબેન દિલ્હીમાં વિસ્તૃત રજૂઆત કરનાર છે. ઘણા દાવેદારોના નામ સપાટી ઉપર છે. ઉતરાયણ પછી તરત જ પ્રદેશ ભાજપના પ્રમુખની વરણી અને જાહેરાત થવાની હતી, પરંતુ સુત્રોના કહેવા મુજબ, આનંદીબેન અને અમિત શાહ છાવણીએ પોતપાતોના ઉમેદવારની પસંદગીની જીદ પકડી રાખતા આખો મામલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર છોડવામાં આવ્યો છે.

## આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિનીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૩

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને એસ.બી. પટેલ કન્યા ઉ.માં. શાળા, સે. ૨૩ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં શાળાની વિદ્યાર્થિનીઓ ચૌધરી હિરલ, શાહ રાજવી અને રાઠોડ સીમાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રોકડ ઈનામ અને પ્રમાણપત્રો મેળવ્યા હતા. આ ઉપરાંત ટાઉનહોલ ખાતે તા. ૧૯ જાન્યુઆરીના રોજ સાંજે ૭.૩૦ કલાકે ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉપક્રમે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી રમણલાલ વોરા, અનુ.જાતિ કલ્યાણ નિગમના નાયબ નિયામક બી.પી. સોયંતર, જિલ્લા કલેકટર રવિશંકર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર ચૌધરી હિરલ, શાહ રાજવી અને રાઠોડ સીમાનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી રમણલાલ વોરાના હસ્તે મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા સુધાબેન પટેલે પણ આ ત્રણેય વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી.

## દેવકરણના મુવાડામાં કિશોરી સ્વાસ્થ્ય મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કિશોરી સ્વાસ્થ્ય મેળાનું ખુબ જ જરુરી એવું આયોજન કર્યુ



હતું. જેમાં આજુબાજુના વિસ્તારોના વાલીઓએ પોતાના સંતાનના સ્વાસ્થ્ય પ્રત્યે ગંભીર બની આ મેળામાં તપાસ કરાવડાવી હતી.

મળેલ વિગતો મુજબ જિલ્લા આરોગ્ય તંત્ર ગાંધીનગર અને તાલુકા આરોગ્ય કચેરી દહેગામના સીધા માર્ગદર્શન હેઠળ શુક્રવારના રોજ દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે કિશોરી સ્વાસ્થ્ય મેળાનું શ્રેષ્ઠ આયોજન થયું હતું. ત્રિલોકચંદ માધ્યમિક શાળામાં આયોજીત આ મેળામાં આજુબાજુના વિસ્તારની શાળામાં અભ્યાસ કરતી ૧૨૩ કિશોરીઓની બ્લડગૃપ તથા એચ.બી. તપાસ કરાઈ હતી તેમજ ડૉ. ધર્મેશ પરીખ અને ડૉ. અતુલ પંડયા દ્વારા પણ સ્વાસ્થ્યની તપાસ કરાઈ હતી. ભારત સરકાર દ્વારા આર.એમ.એન.સી.એચ. + અંતર્ગત એડોલેશન હેલ્થની જાણકારી કિશોરીઓને અપાઈ હતી. કિશોરીઓને કિશોરાઅવસ્થા દરમિયાન રાખવાની કાળજી તથા અવસ્થામાં થતા ફેરફારો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

તાલુકા હેલ્થ ઓફિસ દહેગામના આઈ.ઈ.સી. ઓફિસર આર.પી. પંડયાએ ખાસ હાજર રહી કિશોરીઓને આરોગ્ય વિશેની ઉંડાણ પૂર્વક જાણકારી આપી પૌષ્ટિક આહાર આપી ખોરાક પ્રત્યે પણ જાગૃતિ રાખવા જેવી બાબત ઉપર ધ્યાન આપવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મેડીકલ ઓફિસર તેમજ આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ દ્વારા કરાયું હતું. જયારે એલ.ટી.એફ.એચ.એસ., એમ.પી. એચ.એસ. ફાર્માસિસ્ટે કાર્યક્રમની સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી.





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## બટાકાની આધુનિક ખેતી માટે શાંતિલાલ પટેલ રાહબર બન્યા

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારના નાંદોલ, શિવપુરાકંપા, ઈસનપુર મોટા, ચિલોડા, મગોડી વગેરે પંથકમાં શાકભાજીના રાજા ગણાતા બટાકાનું વાવેતર મોટા પ્રમાણમાં થવા પામ્યું છે. જો કે હાલમાં કલાઈમેન્ટ ચેન્જ તથા માવઠાની ઉભી થયેલી શકયતાઓના કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજુ વ્યાપ્યું છે. જો કે પ્રગતિશીલ ખેડૂત શાંતિલાલ પટેલ અન્ય ખેડૂતો માટે રાહબર બન્યાં છે. જિલ્લાના ખેડૂતોએ હાલ આધુનિક ખેત પધ્ધતિઓ અપનાવવા, ટપક સિંચાઈ પધ્ધતિથી વાવેતરને ટીપે ટીપે પિયત મળે, ઉભા પાકોમાં રોગ-જીવાત અટકાવી શકાય, ઓછા માનવ શ્રમિકોથી પણ સમયસર ખેતી કાર્ય આટોપી શકાય, પાકની ગુણવત્તામાં અનેક ગણો વધારો અને ઉત્પાદનમાં પણ ૧૫ થી ૨૦ ટકાની વૃધ્ધિ થાય તેવા પ્રયોગો દ્વારા પરિવર્તનનો નવો રાહ ચિંધી રહ્યા છે. આ પધ્ધતિથી જળસંચયની સાથે ઓછી પિયતથી વધુ વાવેતર દ્વારા શાકભાજીમાં હરિયાળી ક્રાંતિ આણનાર પ્રગતિશીલ ખેડૂત શિવપુરાકંપાના શાંતિભાઈ પટેલે આધુનિક પધ્ધતિ અપનાવી અન્ય ખેડૂતો માટે રાહબર બન્યાં છે. તેમના પ્રયાસોના પરિપાકરૂપે શિવપુરા કંપામાં બટાકાના લીલાછમ પાકથી ખેતરો લહેરાઈ રહ્યા છે. તાજેતરમાં શિવપુરાકંપા ખાતે યોજાયેલ રવિ કૃષિ મહોત્સવમાં તેમણે પોતાની સફળતાની કહાની રજૂ કરતા ખેડૂતોએ સંતોષની લાગણી વ્યકત કરી હતી.

## હવે, સાબરમતી સેન્ટ્રલ જેલમાં ફોર-જી સિગ્નલ જામર્સ મુકાશે

અમદાવાદ, તા. ૨૩

સાબરમતી જેલમાં પ્રથમ સેલફોન સિગ્નલ જામર્સ સ્થાપિત કર્યાના આઠ વર્ષ બાદ સત્તાવાળાઓએ હવે જેલમાં કેદીઓ દ્વારા સેલ ફોનના ગેરકાયદે ઉપયોગને રોકવા માટે ફોરજી સિગ્નલ જામર્સ સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. અધિકારીઓએ કહ્યું કે, ૨૪ પૈકી માત્ર બે જેલ રાજ્યમાં એવી છે જેમાં જામર્સની વ્યવસ્થા છે. આ ૨૪ પૈકી જે બે જેલમાં જામર્સની વ્યવસ્થા છે તેમાં અમદાવાદ અને વડોદરા સેન્ટ્રલ જેલનો સમાવેશ થાય છે. તાજેતરના સમયમાં કેદીઓ દ્વારા ગેરકાયદે રીતે સેલફોનના ઉપયોગની વ્યાપક ફરિયાદો ઉઠી છે. જેલમાં કેટલાક ગેરકાયદે મામલા પણ ચાલી રહ્યા છે. સેલફોન સિગ્નલ જામર્સ અમદાવાદ, વડોદરાની સેન્ટ્રલ જેલમાં પ્રથમ વખત ૨૦૦૮માં સ્થાપિતકરવામાં આવ્યા હતા.







## સાઈ ખાતે નેતાજીની જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંકુલ ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૯મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દેશભકિત અંગેના વિવિધ કાર્યક્રમો સાથે નેતાજીના જીવન ચરિત્ર અંગે વકતવ્યો યોજાયા હતા. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડાયરેકટર આર.કે. નાયડુ તથા નહેરૂ યુવા કેન્દ્રના યુથ કો ઓર્ડિનેટર રજનીકાંત સુથારે યુવાનોને નેતાજીનો જીવન સંદેશ તથા તેમની ગુજરાત મુલાકાતોના સંભારણા અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ૩૦૦થી વધુ યુવાનોએ પ્રતિક દોડ લગાવી વાતાવરણને જીવંત બનાવી દીધું હતું. આ કાર્યક્રમમાં સાઈના કોચ ગણેશ યુગ ઉપરાંત અન્ય પ્રશિક્ષકો અને મોટી સંખ્યામાં રમતવીરો ઉપસ્થિત રહ્યા હતાં.